ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# શુ આત્મહત્યા જ બધી સમસ્યાઓનો ઉકેલ છે ?

## દર બે-ત્રણ દિવસે થતી આત્મહત્યા સમાજનો ચિંતા કરાવે છે

ગાંધીનગર, તા. ૧

અખબારોના પાના ઉથલાવીએ કે ટીવી પર ક્રાઈમના સમાચારો જોઈએ... ક્યાંકને ક્યાંક આત્મહત્યાનો બનાવ નજરે ચઢી જ જાય. એમાં જેને દેશનું ભવિષ્ય કહેવામાં આવે છે તેવા યુવાનો જાતે જ પોતાની જીંદગી ખતમ કરી દેતા જરાય અચકાતા નથી. તે ખુબ આશ્ચર્ય પમાડે છે. સમગ્ર સમાજ, શાસન અને સંસ્કૃતિ માટે ચિંતાજનક બની ચુકેલા આત્મહત્યાના બનાવો અટકાવવા હવે નક્કર પગલાં ભરવાની જરૂરીયાત ઉભી થઈ છે.

સારી રીતે જીવન જીવવાની દોડધામમાં ક્યારે આપણે સ્ટ્રેસનો ભોગ બની જઈએ છીએ તે ખબર પડતી નથી. દેખાદેખી, કુટુંબનુ ભરણ-પોષણ અને સંબંધોની આટાંઘુટી આત્મહત્યાના બનાવો વધારવામાં એક મહત્વનું પરીબળ બની ગયા છે.

મોટા શહેરોમાં દરરોજ બે-ત્રણ બનાવો અને ગાંધીનગર જેવા નાના શહેરોમાં અઠવાડીયે એકાદ-બે બનાવો આપઘાતના બને તે ખુબ ચિંતાજનક છે. આ બાબતે મનોમંથન અને ચિંતા કરવાની ચોક્કસથી જરૂરિયાત ઉભી થઈ છે. આપણી સમાજ વ્યવસ્થામાં જ હવે દેખાદેખી વધતી જાય છે. પડોશીના ઘરે બ્રાન્ડ ન્યુ કાર આવી તો આપણા ઘરે કેમ નહી ? જેવા પ્રશ્નો સતત પુછાતા રહે તો માનસિક તાણ વધે જ તેમાં કોઈ બેમત નથી. અને પછી કાર કે મોંઘો ફ્લેટ લેવાની ભાંજગડમાં વ્યક્તિ લોનના ચક્કરમાં કે વ્યાજે પૈસા લાવવાના ચક્કરમાં એવો ફસાય છે કે તેને કોઈ માર્ગ જ નથી મળતો... આપઘાત સિવાય.

યુવાનો પોતાની જીંદગીથી કંટાળી જાય અને આપઘાત કરવા મજબુર બને તે માટે શાસન અને સરકાર પણ એટલી જ જવાબદાર છે. લાખોનો ખર્ચ કર્યા બાદ અને ડીગ્રીઓનો ખડકલો કર્યા બાદ પણ યુવાનોને ઈચ્છીતા નોકરી મળતી નથી. યુવાનોને કાયમી નોકરી આપવાના બદલે કોન્ટ્રાક્ટ પર રાખી તેમને સતત માનસિક તણાવ હેઠળ રાખવાનો કારસો અધિકારીઓ અને રાજકારણીઓ ખુબ ચીફતપૂર્વક રચે છે. મોટા મોટા દેખાડા કરી યુવાનોને ભરમાવવામાં આવે છે, પરંતુ યુવાનોને જ્યારે સારી નોકરી નથી મળતી અને તેમની પર સમગ્ર કુટુંબની ભરણપોષણની જવાબદારી આવી જાય ત્યારે કેટલાક નબળા મનના યુવાનો જીવનથી નાસીપાસ થઈ જાય તેમાં કોઈ નવાઈ નથી.

વળી આજકાલ સંબંધોમાં સાતત્ય જળવાતુ ન હોઈ ગુનાહિત પ્રવૃત્તિઓની સાથે જ આત્મહત્યાના બનાવો વધ્યા છે. સંબંધોમાં આવતી ઓટને સહન કરી શકે તેવું કાળજુ ન ધરાવતા યુવાનો સંબંધોની આંટીઘુટીમાંથી નીકળવા આત્મહત્યાનો શોર્ટ કટ અપનાવી લે છે. પોતાના સ્વજનો, માતા-પિતા, ભાઈ-બહેનનો જરાય વિચાર કર્યા વિના યુવાનો જીવનને કોડીની કિંમતની ગણી આત્મહત્યા સુધીનું પગલુ ભરી

● અનુસંધાન પાન-૭ પર

**સમયસર**



વિશ્વ એઈડ્સ દિન - ગાંધીનગર ખાતે વિશ્વ એઈડ્સ દિનની ઉજવણી એચ.આઈ.વી. ગ્રસ્ત બાળકો દ્વારા જાગૃતિ માટે કેન્ડલ લાઈટ કાર્યક્રમ યોજાયો હતો. સેક્ટર-૧૯ સ્પેશ્યલ ચિલ્ડ્રન કેરના બાળકોની રેડક્રોસ અને અન્ય સંસ્થાઓના સહયોગથી રેલી યોજાઈ હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# સેક્ટર-૨૧ શાકમાર્કેટ બહાર દબાણકારો સામે ગુના દાખલ

## પોલીસે છ પાથરણા અને લારી-ગલ્લા ધારકો સામે કાર્યવાહી કરી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં ઠેર-ઠેર દબાણ જોવા મળે છે. લારી-ગલ્લા, પાથરણા ઉપરાંત ઘરઆંગણે પણ દબાણ જોઈ શકીએ છીએ. જાન્યુઆરીમાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટને પગલે સમગ્ર તંત્ર દોડતા થઈ ગયા છે. પોલીસતંત્ર સલામતી-સુરક્ષા વ્યવસ્થામાં તો આર.એન્ડ.બી. તથા પા.ઓ.વિ. રોડ-રસ્તા અને કોર્પોરેશન સાફ-સફાઈ સહીતના કામોમાં જોતરાઈ ગયું છે.

શહેરને વાયબ્રન્ટ પહેલા દબાણમુક્ત કરવા દબાણ તંત્રની સાથોસાથ હવે પોલીસતંત્ર પણ કામે લાગી ગયું છે. પોલીસે હવે દબાણકારો સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરતાં દબાણકારોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. સેક્ટર-૨૧ શાકમાર્કેટ બહાર રસ્તાની વચ્ચોવચ પાથરણા પાથરીને અને લારી-ગલ્લા ખડકી દઈને ધંધો કરવા બેસી જતાં દબાણકારો પર સે. ૨૧ પોલીસે તવાઈ બોલાવી છે. બે દિવસમાં સે. ૨૧ પી.આઈ. બી.એ. ચાવડા તથા તેમની ટીમે છ દબાણકારો સામે ગુનો દાખલ કરીને તે તમામ સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટેની તૈયારીઓ આરંભાઈ

ગાંધીનગર, તા. ૧

આગામી વર્ષે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓની તૈયારીઓ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા શરૂ કરવામાં આવી છે. જેના પગલે આજે મળેલી બેઠકમાં સિમાંકન અંગેની કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

રાજ્ય ચૂંટણી પંચના સૂત્રો પાસેથી પ્રાપ્તવિગતો મુજબ આગામી ઓક્ટોબર-૨૦૧૫ પહેલા રાજ્યની ૬ મહાનગરપાલિકા ૫૩ નગરપાલિકા, ૨૦૮ તાલુકા પંચાયતો, ૨૬ જિલ્લા પંચાયતો અને નવરચિત ૨૫ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજવાની થાય છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે રાજ્ય ચૂંટણી કમિશનર વરેશ સિન્હાના અધ્યક્ષસ્થાને એક બેઠક મળી હતી. જેમાં શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ અલોરીયા સહીતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠકમાં મહાપાલિકા નગરપાલિકા જિલ્લા તાલુકા પંચાયતોની ૨૦૧૧ની વસ્તી પ્રમાણએ સિમાંકનની કામગીરી અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

● અનુસંધાન પાન-૭ પર

# સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત વિદ્યાર્થીઓને પેરાસેઈલીંગની તાલીમ

## હવામાં ઉડતા ગુબ્બારા સાથે લટકતા બાળકને જોઈ નગરજનો અચંબિત : જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ૧૫ દિવસ માટે સેઈલીંગનું આયોજન સવારે શાળાના બાળકોને અને બપોર પછી સામાન્ય નાગિરકોને પેરાસેઈલીંગ કરાવશે : પહેલા દિવસે ૭૦થી વધુ બાળકોએ પેરાસેઈલીંગની મોજ માણી



(તસવીર : વિપુલ ચૌહાણ)

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં આજથી જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેકટ અંતર્ગત સે-૧૧ના રામકથા મેદાનમાં પેરા સેઈલીંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ પેરાસેઈલીંગ તા. ૧લી ડીસેમ્બરથી તા. ૧૫મી ડીસેમ્બર સુધી સવારે ૮ થી ૧૨ અને બપોરે ૩ થી ૫ દરમિયાન યોજાશે. જેમાં શાળાના બાળકો સહિત સામાન્ય જનતા પણ પેરા સેઈલીંગની મોજ માણી શકશે. પહેલા દિવસે પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના ૭૦ થી વધુ બાળકોએ આ પેરાસેઈલીંગનો આનંદ ઉઠાવ્યો હતો.



સુરક્ષા સેતુ પ્રોજેકટ અંતર્ગત આયોજિત આ પેરાસેઈલીંગ રાઈડ દિલ્હીની એક એડવેન્ચર કલબ દ્વારા કરાવવામાં આવે છે. પ્રોજેકટના કો ઓર્ડીનેટર પી.સી. વલેરાના જણાવ્યા મુજબ આજે પહેલા દિવસે શાળાના ૭૦ થી વધુ બાળકોને પેરાસેઈલીંગ કરાવાયું હતું. પરંતુ હવે દરરોજ એક સેશનમાં ૧૫૦થી વધુ વ્યકિતઓને પેરાસેઈલીંગ કરાવાય તેવો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ પેરાસેઈલીંગ દ્વારા બાળકો અને નાગરિકોમાં સાહસવૃત્તિ ખિલે અને સાથે પોલીસ અને પ્રજા વચ્ચેની ખાઈ ઓછી થાય તે હેતુથી આયોજન કરવામાં આવ્યું છે. પંદર દિવસના આયોજનમાં સવારના સેશનમાં શાળાના બાળકોને અને બપોરના સેશનમાં સામાન્ય જનતાને પેરા સેઈલીંગ કરવાનો લાભ આપવામાં આવશે.

પેરાસેઈલીંગ માટે યોગ્ય ઝડપ અને દિશા ધરાવતો પવન હોવો જરુરી છે એટલું જ નહિ પરંતુ પેરોસઈલીંગ કરનાર વ્યકિતનું વજન પણ ૩૦ કિગ્રાથી ૬૦ કિગ્રાની મર્યાદામાં હોય તે પણ અગત્યનું છે. આમ પવન અને વજનના યોગ્ય સંયોગ અને સંતુલન દ્વારા જ સફળ પેરા સેઈલીંગ શકય બને છે. આજે સવારે યોજાયેલ સેશનથી સેકટર-૧૧માં વિવિધ કામે આવેલા નાગરિકો હવામાં ઉડતા ગુબ્બારા સાથે લટકતાં બાળકો જોઈને અચંબો પામી ગયા હતા અને અનેક લોકો આ પેરા સેઈલીંગ જોવા રામકથા મેદાન તરફ ધસી ગયા હતાં.



(તસવીર : કશ્યપ નિમાવત)

સ્વચ્છતા અભિયાન - ગાંધીનગર આખુ ચોખ્ખુચણાક કરવાના લક્ષ્ય સાથે આરંભાયેલ સ્વચ્છતા અભિયાન દિન-પ્રતિદિન સઘન બની રહ્યું છે... નગરના તમામ માર્ગોના મજબૂતિકરણની સાથોસાથ માર્ગની સમાંતર ખડકાયેલી ગંદકીને હટાવવાનું કામ રાતદિવસ ચાલે છે... માર્ગની આસપાસના ઝાડી વિસ્તારના કારણે પણ ગંદકી વધતી હોય છે. ત્યારે વનવિભાગના સહયોગથી મહાનગરપાલિકા સફાઈ અભિયાન ચલાવી રહી છે. અત્યારે તો ગાંધીનગરમાં મહાનગરપાલિકા, માર્ગ મકાન વિભાગ, વન વિભાગ અને પોલીસ તંત્ર સાથે મળી સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા એક-મેકને પૂરક બની રહ્યા છે... હજુ પણ સામાન્ય અને મધ્યમવર્ગીય સમાજ જ્યાં રહે છે ત્યાં ગંદકી હટાવવા માટે ખાસ અભિયાનની અસર નથી દેખાતી... ચ-માર્ગને જોડતા માર્ગો પર માત્ર વધુ ભાર અપાય છે... પરંતુ શહેરના અંતરિયાળ વિસ્તારોમાં ગંદકી યથાવત છે અને ચ-માર્ગ પર ચ-૩થી ચ-૦ સુધીની બંને બાજુ વન વિભાગ દ્વારા આરક્ષિત કરાયેલ વિસ્તારમાં હજુ ગંદકીની જમાવટ એમની એમ જ છે... જ્યાં સુધી પ્રમાણિક પ્રયાસો નહિ થાય ત્યાં સુધી સ્વચ્છતા અભિયાન કાગળ ઉપર જ અને ફોટાઓમાં રહી જશે એવી ચર્ચાઓ ચોરે ને ચૌટે ચાલે છે...

# ગુજરાતમાં લૂંટ, બળાત્કાર, અપહરણ જેવા ગંભીર ગુન્હાઓ વધ્યા : કોંગ્રેસ

## રાજ્યમાં રોજ ૫૦ ચોરી, ૪ લૂંટ, ૪ અપહરણ, દર બે દિવસે ત્રણ ધાડ, બળાત્કારની ઘટના બને છે : સલામત ગુજરાતની વાતો કરતી ભાજપ સરકાર કાયદો વ્યવસ્થાના મુદ્દે સંપૂર્ણ નિષ્ફળ

ગાંધીનગર, તા. ૧

ગુજરાતમાં લૂંટ, બળાત્કાર, અપહરણ અને આપઘાતના ગંભિર ગુન્હાઓમાં મોટા પાયે વધારો થઈ રહ્યો છે. તેમ છતાં ગુજરાતની સરકાર સલામત ગુજરાતની મોટી મોટી ડંફાસો મારે છે. ત્યારે ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં નોંધાયેલા ગંભિર ગુન્હાઓના આંકડાઓથી ગુજરાતની કાયદો વ્યવસ્થાની પોલ સંપૂર્ણ ખુલી જાય છે. કાયદો વ્યવસ્થાને મુદ્દે ભાજપ સરકાર નિષ્ફળ ગયાની વિગતો રજુ કરતા વિધાનસભા કોંગ્રેસ પક્ષના પ્રવક્તા અને વિરમગામના ધારાસભ્ય ડૉ. તેજશ્રીબેન પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં૬,૮૮૦ લૂંટના બનાવો એટલે કે રોજની ૪ લૂંટો થઈ છે. રાજ્યમાં ૨,૨૪૩ બળાત્કાર એટલે કે દર બે દિવસે ૩ બળાત્કાર થાય છે. સરેરાશ રોજ ૪ અપહરણની ઘટના બને છે. રાજ્યમાં સરેરાશ રોજ ૧૫ આપઘાતની ઘટના બને છે. રાજ્યમાં પાંચ વર્ષમાં કુલ ૯૩,૦૨૬ ચોરીના બનાવો બન્યા છે. જેમાં કરોડો રૂપિયાની માલ-મત્તાની ચોરીથી છે. એટલે કે સરેરાશ રાજ્યમાં ૫૦ ચોરીની ઘટના બને છે.

રાજ્યમાં પ્રજા સલામત નથી અને જેલમાં ૨૦૦ ફૂટ સુરંગ ખોદાઈ જાય છતા ભાજપ સરકાર કાયદો-વ્યવસ્થાને મુદ્દે નક્કર પગલા ભરવા માંગતી હોય તેમ જણાતુ નથી. રાજ્યમાં દારૂબંધી હોવા છતાં રોજ કરોડો રૂપિયાનો દારૂ ઠલવાય છે. મહિલાઓ ઉપરના અત્યાચારમાં ૬૬ ટકા વધારો થયો છે ત્યારે ભાજપ

● અનુસંધાન પાન-૭ પર

### વિવિધ ગંભીર ગુનાઓની વિગત

| વર્ષ | લૂંટ | બળાત્કાર | અપહરણ | આપઘાત |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૧,૩૦૭, | ૪૧૩ | ૧,૨૩૩ | ૫,૧૨૨ |
| ૨૦૦૯-૧૦ | ૧,૪૦૧ | ૪૧૬ | ૧,૩૩૬ | ૪,૮૪૭ |
| ૨૦૧૦-૧૧ | ૧,૩૭૪ | ૪૨૧ | ૧,૩૪૩ | ૪,૯૮૩ |
| ૨૦૧૧-૧૨ | ૧,૩૯૦ | ૪૩૮ | ૧,૬૨૯ | ૫,૨૬૯ |
| ૨૦૧૨-૧૩ | ૧,૪૦૮ | ૫૫૫ | ૧,૯૩૬ | ૫,૫૯૦ |
| કુલ | ૬,૮૮૦ | ૨,૨૪૩ | ૭,૪૭૩ | ૨૫,૮૧૧ |

દ્વિતીય વાર્ષિક પુણ્યતિથી

શ્રદ્ધાંજલિ



સ્વ. શ્રી હેમચંદ્ર એસ. થોરાત

નિવૃત્ત જિલ્લા રમત-ગમત અધિકારી

સ્થાપક : થોરાત હેમ હેલ્થ સેન્ટર, ગાંધીનગર

સ્વ. તા. ૨-૧૨-૨૦૧૨

સહૃદયી - નિ:સ્વાર્થ - પથદર્શક વ્યાયામપ્રિય - વ્યક્તિત્વને કોટિ... કોટિ... વંદન

નયન - સંજય - વિશાલ તથા થોરાત પરિવાર હેમ હેલ્થ સેન્ટર પરિવાર

મો. : ૯૪૨૭૦ ૫૪૧૧૩

# પોલિસ તંત્રમાં ફેરફારના ભણકારા

ગાંધીનગર, તા.૧

રાજયના પોલિસ તંત્રમાં બઢતી અને બદલીઓનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે અને આ સપ્તાહમાં ગમે ત્યારે બદલીઓનો દોર શરુ કરવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં રાજય સરકારે પાંચ ડી.આઈ.જી. કક્ષાના અધિકારીઓને આઈ.જી.તરીકે બઢતી આપતાં ૬ જેટલી ડી.આઈ.જી. ની જગ્યાઓ ખાલી પડવા પામી છે.

આ ઉપરાંત ડીએસપી સંવર્ગની પણ આઠ જેટલી જગ્યાઓ ખાલી છે. આથી આ ખાલી જગ્યાઓ ભરવા માટે ડીએસપીમાંથી ડીઆઈજી અને ડીવાયએસપીમાંથી ડીએસપી તરીકે બઢતી આપવા માટે ડિપાર્ટમેન્ટ પ્રમોશન કમિટીએ બઢતી આપવા માટેની તમામ પ્રક્રિયા પૂર્ણ કરીને પસંદગીની પ્રવર્તતા યાદી આખરી કરી દીધી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ જી.સી. મુર્મુ તાલીમમાંથી પરત આવી ગયા છે. આથી હવે આ સપ્તાહમાં બઢતી અને બદલીઓ માટેની ફાઈલ મુખ્યમંત્રી સમક્ષ રજુ કરીને મંજુરી મેળવવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને ત્યારબાદ આ સપ્તાહના અંતમાં બઢતી અને બદલીઓનો દોર શરુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY Total Waterproofing Solution

Waterproofing ka champion

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com